# ગરમીથી અકળાયેલા સે. ૨૩ના રહીશો રાત્રે ધાબે સૂઈ સકતા નથી

## છેલ્લા દસ દિવસથી પરોઢીયાના સમયે વાનરગેંગ આતંક મચાવતા રહીશોમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૭ દિવસની આકરી ગરમીથી ત્રસ્ત સે. ૨૩ના રહીશો માટે રાત્રીના ધાબા પર મીઠી નિંદર માણવાનું પણ હરામ બન્યું છે. સેક્ટરમાં છેલ્લા દસ દિવસથી સક્રિય થયેલી વાનરસેના વહેલી પરોઢે આતંક મચાવતા સ્થાનિક રહીશોમાં ફફડાટ પ્રવર્ત્યો છે. રાત્રીના મકાનોમાં ધાબા પર ધમાલ મચાવતા વાંદરાઓના લીધે રહીશોએ નાસભાગ કરી ઘરમાં પુરાઈ જવુ પડે છે.

તાપમાનનો પારો ચઢતા આકરી ગરમીથી નગરજનો બેહાલ બન્યા છે. ગરમીથી બચવા શહેરીજનો દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા રહે છે. જ્યારે રાત્રીની ઠંડકનો અહેસાસ કરવા સેક્ટરવાસીઓ ખુલ્લા આકાશ નીચે ધાબે સુવાનુ પસંદ કરે છે. પરંતુ સે. ૨૩માં સ્થિત સૌરભ અને વિરાટનગર સોસાયટીમાં રહીશો માટે ધાબા પર રાત્રીની નીંદર માણવાનું પણ નસીબ નથી ! છેલ્લા દસ દિવસથી આ વિસ્તારમાં વાનરગેંગે આંતક મચાવતા રહીશોમાં ફફડાટ પ્રવર્ત્યો છે.

સોસાયટીના રહીશો ધાબે ભર ઉંઘમાં હોય ત્યારે વહેલી પરોઢે તોફાની વાંદરાઓ ધાબા ખૂંદતા રહીશો ઉંઘમાંથી સફાળા બેઠા થઈ જાય છે. ઢળતી રાત્રે અચાનક જ વાંદરાઓ ધાબા પર ઉછળકૂદ કરતા ગભરાયેલા રહીશોમાં ચીસાચીસ થઈ જાય છે. ઘુરકીયા કરતી વાનરગેંગના લીધે બાળકો પણ હેબતાઈ ગયા છે. દિવસની ગરમીથી અકળાયેલા રહીશોનો ધાબાની ઉંઘ પણ નસીબ થતી નથી. છેલ્લા દસ દિવસથી આતંક મચાવતી વાનર ગેંગને પીંજરામાં કેદ કરવા સ્થાનિક રહીશોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ઝુંડાલ પાસે ચાલુ બસે એન્જીન સળગી ઉઠતા અફડાતફડી

### એસટી બસમાં સવાર ૧૫ મુસાફરો અને ડ્રાઈવર-કંડકટરનો આબાદ બચાવ : સદ્દભાગ્યે કોઈ જાનહાની નહી : અમદાવાદ-ગાંધીનગર ફાયરબ્રિગેડ દોડી આવી

ગાંધીનગર, તા. ૭

બારેજા-થરાદ રૂટની એસટી બસ ગઈકાલે રાત્રે પોણા દસ વાગ્યાના અરસામાં ગાંધીનગર નજીકના ઝુંડાલ રોડ પરથી પસાર થઈ રહી હતી તે દરમ્યાન ચાલુ બસે અચાનક એન્જીનમાંથી આગ ભભુકી ઉઠતા અફડાતફડી મચી જવા પામી હતી. સદ્દભાગ્યે ડ્રાઈવરે બસ સમયચુસકતા દાખવીને ઉભી કરી દેતા ૧૫ મુસાફરોના જીવ બચ્યા હતા. બસમાં આગ લાગ્યાનો કોલ મળતા જ અમદાવાદ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવાઈ હતી.

ગઈકાલે રાત્રે પોણા દસ વાગ્યાના અરસામાં બારેજા-થરાદ રૂટની એસ.ટી. બસ મુસાફરોને લઈને ગાંધીનગર નજીકના ઝુંડાલ રોડ પર પહોંચી હતી તે દરમ્યાન ઝુંડાલ પાસે એકાએક બસના એન્જીનમાંથી ધડાકો થયો અને ધુમાડા નિકળવા લાગતાની સાથે જ આગ ભભુકી ઉઠી હતી.

તાત્કાલિક બસના ડ્રાઈવરે બસને બ્રેક મારી દઈને બસ ઉભી કરી દીધી હતી અને બસમાં બેઠેલા ૧૫ જેટલા મુસાફરોને એક પછી એક સલામત રીતે બહાર કાઢી દેવાયા બાદ ડ્રાઈવર કંડકટર પણ બસમાંથી ઉતરી ગયા હતા. ફાયરબ્રિગેડને બસ સળગી ઉઠી હોવાનો કોલ મળતા ગાંધીનગર અને અમદાવાદ બન્ને જિલ્લાની ફાયરબ્રિગેડની ટીમ ફાયર ફાયટર સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો સતત મારો ચલાવીને આગ પર કાબુ લઈ લીધો હતો. સદ્દભાગ્યે આ બનાવમાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

## પેથાપુર કસ્બામાં ચાલતા સટ્ટા પર આર.આર.સેલનો દરોડો

### ૬ મોબાઈલ, ટીવી અને રોકડ સાથે ત્રણની ધરપકડ : એક ફરાર : ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા હતા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક પેથાપુર ગામના કસ્બા વિસ્તારમાં એક મકાનમાં ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે રેન્જ આઈ.જી.ની સ્કવોર્ડે દરોડો પાડી ત્રણ સટોડીયાઓને સટ્ટો રમતા-રમાડતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ૭ નંગ મોબાઈલ ટીવી અને રોકડ મળી રૂ. ૧૧,૭૪૦નો મુદ્દામાલ ઉપરાંત સટ્ટોડીયા ગ્રાહકોના ખાતા સાથેના સાહિત્ય કબ્જે લઈ ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી છે. અને આર.આર.સેલે આ સટ્ટો ક્યારથી ચાલતો હતો તે સહિતની તપાસ આરંભી છે. એક ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ પણ હાથ ધરવામાં આવી છે.

પેથાપુરના કસ્બા વિસ્તારમાં રહેતા ઈકબાલ બાબુખાન પઠાણના મકાનમાં કેટલાક શખ્સો ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી-રમાડી રહ્યા હોવાની બાતમી આર.આર. સેલને મળતા રાત્રે સવા દસ વાગ્યે આઈ.જી. સ્કવોડે પેથાપુર કસ્બામાં દરોડો પાડ્યો હતો. ઈકબાલ બાબુખાન પઠાણ, સલીમ અબ્દુલખાન મન્સુરી અને હબીબ યુસુફખાન પઠાણ ત્રણેય સટ્ટોડીયાઓની આઈ.જી. સ્કવોર્ડના પી.એસ.આઈ. બોડાણાએ ધરપકડ કરી લીધી છે.

જ્યારે એક શખ્સ યુવરાજ પોપટભાઈ બારોટ ફરાર થઈ જતાં તે વોન્ટેડ સટ્ટોડીયાને શોધી કાઢવા તજવીજ શરૂ કરવામાં આવી છે. સટ્ટો ઈકબાલ પઠાણના ઘરમાં ચાલી રહ્યો હતો. તેના ઘરે દરોડો પાડી ટીમે ૬ નંગ મોબાઈલ, એક ટીવી અને રોકડ મળી રૂ. ૧૧,૭૪૦નો મુદ્દામાલ અને સાહિત્ય કબ્જે કરી આર.આર.સેલે સઘન તપાસ હાથ ધરી છે.

## કૃષક ભારતી કો. ઓપરેટીવ લિમિટેડ દ્વારા જિલ્લાની સહકારી પરીષદ યોજાઈ

ગાંધીનગર, તા. ૭

કૃષક ભારતી કો ઓપરેટીવ લિમિટમડ દ્વારા ગાંધીનગર જિલ્લાની સહકારી પરિષદ ૪થી મે ના રોજ યોજાઈ હતી. જેમાં જિલ્લાની સહકારી મંડળીઓના સેક્રેટરી તથા ચેરમેન તથા એ.ડી.સી. બેંકના ડાયરેક્ટર અને કૃભકો-નવી દિલ્હીના ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.



તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની સહકારી મંડળીઓના સેક્રેટરી તથા ચેરમેનશ્રીઓનો એક સહકારી સેમિનાર કૃભકો-નવી દિલ્હીના ડિરેક્ટર શ્રી પરેશ પટેલના અધ્યક્ષપદે યોજાયો. કાર્યક્રમના ઉદ્દઘાટક અને ગાંધી. જિ.સ.ખ.વે. સંઘ લિ.ના ચેરમેનશ્રી તથા એ.ડી.સી. બેંકના ડિરેક્ટર શ્રી લાલભાઈ પટેલે સહકારી મંડળીઓને આર્થિક રીતે પગભર તેમજ સક્ષમ બનાવવા માટે વિવિધ ધંધાકીય પ્રવૃત્તિઓ તરફ હવે વળવું પડશે અને તો જ આ ગળાકાપ ધંધાની હરીફાઈમાં સહકારી પ્રવૃત્તિ ટકશે, નહિંતર તેના અસ્તિત્વ સામે જોખમ ઊભું થવાની દહેશત વ્યક્ત કરી હતી.

કૃભકોના ચીફ સ્ટેટ માર્કેટિંગ મેનેજર શ્રી પી.કે. પટેલે કૃભકોની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ બી.ટી. કપાસની વૈજ્ઞાનિક ખેતી અંગે સવિસ્તર માહિતી આપી હતી. તદુપરાંત કૃભકોના વિવિધ ખાતરો, બિયારણો, જૈવિક પ્રવાહી ખાતર તથા બાયો કમ્પોસ્ટનો ખેતીમાં સમજદારીપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

કૃભકોના ડિરેક્ટર શ્રી પરેશ પટેલે સંબોધન કર્યું હતું કે સહકારી ક્ષેત્ર એ સાચા અર્થમાં ખેડૂતોની સેવા કરવાનું માધ્યમ છે. તે માટે ખાતરો, બિયારણોનું આગોતરૂ આયોજન કરીને મંડળીઓ-ખેડૂતોને કૃભકોના બધા જ ખાતરો પૂરતા પ્રમાણમાં સમયસર પૂરા પાડવાની તમામને બાંહેધરી આપી હતી સાથે સાથે કૃભકો દ્વારા સતત ૨૦ ટકા શેર-ડિવિડન્ડ મળી રહે તેવી ભલામણ પણ કરશે.

કાર્યક્રમમાં ગાંધી. જિ.સ.સંઘના ચેરમેન શ્રી કોદરભાઈ પટેલ, ગુજકોમાસોલના ડિરેક્ટર શ્રી રસિકલાલ પટેલ તેમજ ચારેય તાલુકા સ.ખ.વે. સંઘના ચેરમેનશ્રી અને જિલ્લાની તમામ સહકારી મંડળીઓના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતમાં શ્રી ઉદય ભાણસિંહજી કો.ઓ. મેનેજમેન્ટ કોલેજના રિજિ. ડાયરેક્ટર શ્રી સિંગલારા સાહેબે યજમાન પદેથી સંબોધન કરીને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આખા કાર્યક્રમનું સફળ સંચાલન કૃભકોના ગાંધીનગર ખાતેના માર્કેટિંગ મેનેજરશ્રી લલિત પટેલે કર્યું હતું.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળની અવિરત ચરણ સેવા ચાલુ

### સચિવાલય તંબુશાળા, કુપોશીત બાળકો તથા વન વિસ્તરણમાં લોકોને પગરખાનું વિતરણ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સચિવાલય ખાતે વિકાસનું કામ ચાલી રહ્યું છે તેમાં કામ કરતા શ્રમિકોના બાળકોને ભણાવવા માટે તંબુમાં શાળા શરુ કરી મધ્યાહન ભોજન આપવામાં આવે છે. તે બાળકોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૭૦ બાળકોને પગરખા પહેરાવી બળબળતા તાપમાં પગ રક્ષણ પુરું પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગરના સેકટર-૨૮ ચરેડી તથા સેકટર-૨૪ ડબલડેકર વિસ્તારમાં કુપોષણ હેઠળ જીવતા બાળકો માટે આંગણવાડી ચાલી રહી છે તેમાં પણ સંસ્થા દ્વારા ૧૦ ડઝન બાળકોને સ્લીપર, ચંપલ પહેરાવી ઉઘાડા પગે આવતા બાળકોને રક્ષણ પુરું પાડયું છે. વન વિસ્તરણનું કામ કરતા શ્રમિકોને પ્રતિ વર્ષ વન ચેતના ખાતે પણ પગ રક્ષણ પુરું પાડવામાં આવે છે તેજ રીતે શ્રમિકોને પગરખા વિતરણ કરી બળબળતા તાપમાં કામ કરવામાં રાહત પહોંચાડવાનું અભિયાન હાથ ધરવામાં અરુણ બૂચ, મયૂર વ્યાસ, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢા, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ સૌએ શ્રમદાન આપી ચરણ સેવામાં સહભાગી થવા તથા ગાંધીનગરમાં હજુ પણ આ સેવા આગામી દિવસોમાં શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવશે એમ પ્રમુખ અરુણ બુચે જણાવ્યું છે.

## ગાંધીનગર કોર્ટમાં ન્યાયાધીશોની બદલી સંદર્ભે વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર કોર્ટમાં ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા એન.પી. પુરાણી, આર.બી. મારફતિયા, જે.એન. ઠક્કર અને સી.એસ. અધ્યારુની બદલી થતાં તેઓનો વિદાય સમારંભ તાજેતરમાં યોજાયો હતો.

ગાંધીનગરના ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ જી.કે. ઉપાધ્યાયના મુખ્ય મહેમાન પદે તાજેતરમાં એસ.કે. બક્ષી એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ, એન.પી. પુરાણી એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ, જે.એન. ઠક્કર ન્યાયાધીશ, આર.બી. મારફતિયા અને સી.એસ. અધ્યારુ ન્યાયાધીશનો વિદાય સમારંભ યોજાયો હતો. એમ.જી. રાવલને એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ તરીકે બઢતી મળી તે બદલ ગાંધીનગર એમ.એ. સી.ટી. બારના પ્રમુખ શંકરસિંહ ગોહિલ, ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ ગજેન્દ્રસિંહ રાઠોડ તથા ડિસ્ટ્રીક્ટ બારના હોદ્દેદારો મારફતે વિદાય સમારંભ યોજાયો હતો જેમાં આમંત્રિતો દ્વારા પ્રસંગોપાત ઉદ્દબોધન થયું હતું. કાર્યક્રમને અનિલ આસોડિયા, જગદીશ વાઘેલા, ભરતભાઈ રાવલ, એમ.કે. ગોસ્વામી, લાલસિંહ ગોહિલ, ચિંતન ત્રિવેદી, એમ.જે. આસોડિયા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. એડવોકેટ કનુભાઈએ સફળ સંચાલન અને આભાર દર્શન દિલિપસિંહ વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમનું સૌજન્ય ગિતેશ પટેલ તથા કે.બી.સીંગ દ્વારા કરાયું હતું.

### સામાજિક સંવેદનાનું નોખુ ઉદાહરણ

## ધરતીકંપમાં પતિ અને સસરા ગુમાવનારને કાકાજી તથા કાકીજીએ દિકરી તરીકે રાખી

(પ્રતિનિધિ ધર્મેન્દ્ર મહેતા),

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલા ભયંકર ધરતીકંપે અનેકના જીવનને રગદોળી નાખ્યા છે. આ ધરતીકંપના કેન્દ્ર બિંદુ કચ્છમાં માનવજીંદગીઓ અગણિત રીતે વેચાઈ ગઈ છે. જેના વસવસા હજુ પણ લોક માનસ ઉપરથી ખસ્યા નથી. પરંતુ સંતો અને શાસ્ત્રો મુજબ જીવન શ્રેષ્ઠ છે. જેનો સહયોગ થવો જ જોઈએ. જે સત્યવાણીને ઉજાગર કરતો એક ઉમદા પ્રસંગ તાજેતરમાં ભૂજ ખાતે પૂર્ણ થઈ ગયો. તા. ૨૬-૧-૦૧ના ધરતીકંપમાં પોતાના પતિ અને સસરા ગુમાવનાર પુત્રવધુને તેના જ કાકાજી અને કાકીજીએ ૧૨ વર્ષ સુધી દિકરી તરીકે રાખી અને હમણાં જ યોગ્ય પાત્ર શોધી કન્યાદાન કરી ચૌંધાર આંસુએ વિદાય આપી.

આ સમાજને રાહ ચિંધતી અને જીંદગીના મુલ્યને સમજાવતી સત્ય હકીકત એવી છે કે ભૂજ (કચ્છ) મધ્યે આવેલા શરાફ બજારમાં જ્વેલર્સનો શો રૂમ ધરાવતાં સોલંકી હરીરામ રવજીભાઈ અને તેમના પુત્ર રસીકલાલ સોના-ચાંદીના વ્યવસાયમાં પરિવાર સાથે સુખમય જીવન વિતાવતા હતા. પુત્રવધુ જુલીબેનના આગમન અને થોડાક જ સંસારી જીવનથી રસીકલાલ અને જુલીબેનને સુરજ નામના પુત્રનું રમતું થઈ જવું એ આ પરિવારમાં ખુશી અને શાંતિની હરિમાળા જેવું થઈ ગયું હતું.

પરંતુ કુદરતને આ પરિવારનો આનંદ-કિલ્લોલ મંજુર ન હતો તેમ જુલીબેનના લગ્નના સાત વર્ષબાદ ૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલા કાળમુખા ધરતીકંપમાં જુલીબેનના પતિ રસીકલાલ અને સસરા હરીરામભાઈ જુલીબેન અને તેના પુત્ર સુરજને મુકી આ દુનિયાને અલવિદા કરી ગયા. જુલીબેન માટે આ અસહ્ય કારમા ઘા ઘણા સમય સુધી વિસરી શકાયો નહોતો. પરંતુ તેમના કાકાજી ઈન્દુભાઈ સોલંકી તથા કાકીજી લતાબેન સોલંકીએ ભરપૂર હૂંફ સાથે દિકરી તરીકે તેને અપનાવી તેની વિકટ સ્થિતિમાં પૂર્ણ સહકાર પૂરો પાડ્યો.

પુત્ર સુરજ પપ્પાની આતુરતાપૂર્વક રાહ જોઈ વારંવાર મમ્મી જુલીબેનને પપ્પા ક્યારે આવશે ? ના સવાલો પૂછી રહ્યો હતો. કાકાજી અને કાકીજી જુલીબેનની આ અસહ્ય પરિસ્થિતિ જોઈ પુત્રવધુને એક નવી જ જીંદગી જીવવા માટે આશ્વાસન આપી માનસિક રીતે સક્ષમ બનાવવા લાગ્યા. જેમાં આખરે જુલીબેન સંમત થયા આ કાકાજી અને કાકીજી જરા પણ ઉતાવળ કર્યા વગર એક માતા-પિતા પુત્રી માટે જે ખંતથી જમાઈની શોધ કરે તેવા જ ભાવથી ભાવિ જમાઈની સતત સોધ ચાલુ રાખી ઘણા ઠેકાણા જોઈ નાખ્યા.

આ રીતે બાર વર્ષના વાણાં વિતી ગયા. પુત્ર સુરજ પણ ૧૭ વર્ષનો થઈ ગયો. તે પણ માતાની હાલત સમજી શકતો હતો. દરમ્યાન તેમના જ સમાજનો એટલે શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ કંસારા સોની મંડળ દ્વારા પરિચય પસંદગી સંમેલનનું આયોજન જાન્યુ-૧૩માં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું. જેમાં જુલીબેને પણ કાકીજીની સુચનાથી ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી અને જુલીબેને સ્ટેજ ઉપર પોતાનો પરિચય આપી પોતાના દિકરા સુરજ સાથે મને અપનાવે તેવું પાત્ર મારી પસંદગી હશે તેવું જણાવ્યું.

**૧૨ વર્ષે કન્યાદાન કરી વિદાય આપી : સમાજમાંથી કુરિવાજો દુર કરી લોકોને જીંદગીનું મુલ્ય સમજાવતી 'મારૂ કંસારા સોની સમાજ'ની સત્ય હકીકત**

જુલીબેનની સમગ્ર હકીકતને ધ્યાને લઈ સંમેલનમાં હાજર કચ્છ નખત્રાણાના એક સોલંકી કુટુંબે ઝુલીબેન ઉપર પસંદગી ઉતારી અને જુલીબેનને જણાવી દીધુ. કાકીજી લત્તાબેને આ નખત્રાણાના કુટુંબ વિશે ઉંડી તપાસ કરી અને લાગ્યું કે કુટુંબ અને છોકરો સારો છે. જેથી બંને તરફી સંમતિ થતાં તા. ૧૫-૪-૧૩ના રોજ ભૂજ ખાતે જુલીબેન અને જયેશભાઈના લગ્ન થઈ ગયા.

ઈન્દુભાઈ (કાકાજી) તથા લત્તાબેન (કાકીજી)એ કન્યાદાન સાથે દરદાગીના તથા મિલ્કતમાં પુત્ર સુરજનો ભાગ રાખી ચોંધાર આંસુએ પુત્રવધુ(દિકરી)ને વિદાય સાથે સુખી સંસારના આશીર્વાદ આપ્યા. દિકરીની જેમ સાથે રાખી વિદાય આપતા આ કાકાજી અને કાકીજી હાલમાં પણ વાત કરતાં રડી પડે છે. ધન્ય છે તેમની આ માનવતાને અને તેમના સંસ્કારને.

હળહળતા કળીયુગમાં ચાલી રહેલી સામાજીક વિટંબણાઓને પડકાર ફેંકતા આ સામાજીક સત્ય પ્રસંગ જીવનના મુલ્યને અનેક ઘણું મહત્વ આપે છે અને આ રીતે અન્ય જીવનમાં પણ બદલાવ આવે તે હેતુ આ પ્રસંગને અહી કંડારવામાં આવ્યો છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

### તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૦ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :

આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫

છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્કીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્કીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

આશીકી-૨ : ૧૨.૦૦

**સૂર્યા, વાવોલ**

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

શૂટઆઉટ એટ વડાલા: ૯.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

આઈરોન મેન-૩ : ૧.૧૫, ૪.૦૦

: સ્કીન-૩ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૧૦.૩૦

**ચિરાગ, કલોલ**

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

### ચિરવિદાય

- સ્વ. બેચરભાઈ સોમાભાઈ પંચાલ(ઉ.વ. ૯૮)મુ.પો. પાલજ-નવાગામ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ગંગાબેન બેચરજી ઠાકોર(ઉ.વ. ૮૦)ખાંટવાસ, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમુબેન કેશવલાલ પટેલ(ઉ.વ. ૯૮) પ્લોટ નં. ૮૧/૧, કિસાનનગર સોસાયટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ પૂંજાભાઈ દંતાલી(ઉ.વ. ૩૦) ફૂટપાટ પાસે, સૌરાષ્ટ્ર કોર્નરની સામે, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન છનાલાલ ભટ્ટ(ઉ.વ. ૯૫) પ્લોટ નં. ૪૩૦/૨, ઈશ્વરકૃપા સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.